# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ**/૬૪/ક્વા-૪/૧૮-૧૯/**૫૩૮૪–૧** **તા.૦૮–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૪/ક્વા-૪/૧૮-૧૯

અરજદાર: **નિલકંઠ પલ્પ & પેપર બોર્ડ** ગામ: **અમરેલી**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઇજનેર શ્રી **એલ.કે.પરમાર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૩૦-૦૭-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેઈસ ની સુનાવણી અગાઉ તા.૦૪–૦૬–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ, તા.૦૫–૦૭–૧૯ ના રોજ સદર કેઈસ ની સુનાવણી રાખવામા આવેલ હતી, જેમા હિતેશ ગોંડલીયા હાજર રહેલ હતા. જેમા સામેવાળા દ્વારા જણાવેલ કે – ઈલેક્ટ્રીસીટી ડયુટી ની રકમ માસ મુજબ પરત કરેલ છે, તેની વિગતવાર ગણતરી કરતુ પત્રક અરજદાર ને પત્ર નં. આરઆરડી/સીજીઆરએફ/૭૪૦૩ તા.૧૪–૦૬–૧૯ થી પાઠવવામા આવેલ હતુ, જે અરજદાર ને મળેલ ન હોય – જેથી ફોરમ કમિટી ની સુચના મુજબ – સામેવાળા દ્વારા અરજદાર ને વિગત પુરી પાડવામા આવેલ છે. જે અન્વયે અરજદાર ને કોઈ ફરીયાદ રહેતી હોય તો અભ્યાસ કરીને હવે પછી ની સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ. ત્યારબાદ, સદર કેઈસ ની સુનાવણી તા.૩૦–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા. જયારે પીજીવીસીએલ પક્ષકારના અધિકારી સુનાવણીની તમામ મીટીંગોની તારીખોમાં હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **નિલકંઠ પલ્પ & પેપર બોર્ડ, મું. પો. : અમરેલી, તા.:પડધરી** ખાત એચ.ટી. વીજજોડાણ નં. – ૨૬૪૪૭, ૧૮૦૦ કેવીએ તા.૦૨–૦૮–૧૧ થી વીજ જોડાણ ધરાવે છે.

૨.૧ ઉપરોકત વીજજોડાણ ના વીજબીલમાં વીજબીલ માં ઓફિસ લાઈટીંગ અને મેન્યુફેકચરીંગ બધા મા માફી મળેલ હોય – તેમ છતા લાઈટીંગ ના યુનીટો માં ૧૫% વીજકર વસુલાયેલ છે. શેડયુલ –૧ મુજબ ફક્ત સ્ટાફ કવાટર્સ અને કેન્ટીન ના વીજવપરાશ પર વીજકર વસુલવાનો હોય છે. જે તેઓની ફેકટરી મા ન હોય – લાઈટીંગ યુનીટ પર વસુલ કરેલ ૧૫% વીજકર ની રકમ જમા આપવાની રજુઆત કરેલ છે. તેઓના યુનીટ ને માહે ઓગષ્ટ–૨૦૧૬ સુધી વીજકર માફી મળેલ છે. જે અન્વયે તેઓએ ભરપાઈ કરેલ વીજકર ૦૩ તબ્બકે જમા આપેલ છે.

૨.૨ અરજદારના બીલ મા એનર્જીચાર્જ માથી નાઈટ રીબેટ બાદ કરીને પછી ની રકમ ઉપર પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ અને ઈએચવી રીબેટ આપે છે. ટેરીફ પારા નં.૧૪.૨ મુજબ – એનર્જીચાર્જ પર પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ આપવાનુ હોય છે. સદર બાબતે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૬૧૧ તા.૨૯–૦૫–૧૮ મુજબ – નાઈટ રીબેટ બાદ કર્યા મુજબ ના એનર્જી ચાર્જ પર પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ આપવુ. જે અનુસંધાને અરજદારે તેઓના હવે પછી ના વીજબીલ માં નિયમ મુજબ – રીબેટ આપવા વિનંતી કરેલ છે.

આમ, અરજદાર ની રજુઆત નિયમ મુજબ ની હોવા છતા – પીજીવીસીએલ માંગણી ને મંજુર કરતા નથી. જેથી, અરજદારે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **એચટી વીજ જોડાણ નંબર ૨૬૪૪૭ થી મેં નીલકંઠ પલ્પ & પેપર બોર્ડ ના નામે ૧૮૦૦ કેવીએ કરારિત વીજભાર ધરાવતું વીજજોડાણ તારીખ ૦૨.૦૮.૨૦૧૧ થી ધરાવે છે.**

૩.૧ અરજદાર ની અરજી ના સંદર્ભ માં - **સૌ પ્રથમ ઈલેક્ટ્રીક ડ્યુટી, કલેકટર સાહેબ શ્રી, ગાંધીનગર તરફથી C/EX/RAJKOT/53-02-2013/14468 DATE 06.08.2013 થી પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ને મળેલ "CERTIFICATE OF ELIGIBILITY FOR EXEMPTION FROM PAYMENT OF ELECTICITY DUTY" નાં અનુસંધાને જે ડ્યુટી ની રકમ મજરે આપવા પત્ર થતી હતી તે નીચે જણાવેલ ટેબલ મુજબ આપી દેવામાં આવેલ છે.**

| માસ | ઇલેકટ્રીક ડ્યુટી ની રકમ | ઇલેકટ્રીક ડ્યુટી ની જમા આપવાપાત્ર રકમ | ઇલેકટ્રીક ડ્યુટી ની જમા આપેલ રકમ | |
|---|---|---|---|---|
| માર્ચ-૧૩ | ૬૫૩૬૭૮.૩૪ | ૬૫૩૬૭૮.૩૪ | ૬૫૩૬૭૮.૩૪ | |
| એપ્રિલ-૧૩ | ૬૮૦૬૨૫.૬૯ | ૬૮૦૬૨૫.૬૯ | ૬૮૦૬૨૫.૬૯ | |
| મેં-૧૩ | ૫૪૧૪૨૪.૪૭ | ૫૪૧૪૨૪.૪૭ | ૫૪૧૪૨૪.૪૭ | |
| જુન-૧૩ | ૬૫૯૨૮૬.૭૪ | ૬૫૯૨૮૬.૭૪ | ૬૫૯૨૮૬.૭૪ | |
| જુલાઈ-૧૩ | ૭૩૭૧.૦૬.૬૯ | ૭૩૭૧.૦૬.૬૯ | ૭૩૭૧.૦૬.૬૯ | |
| ઓગસ્ટ-૧૩ | ૭૫૬૭૮૭.૫૪ | ૭૫૬૭૮૭.૫૪ | ૭૫૬૭૮૭.૫૪ | |

**ત્યારબાદ ઈલેક્ટ્રીક ડ્યુટી, કલેકટર સાહેબ શ્રી, ગાંધીનગર તરફથી અગાઉ આપેલ "CERTIFICATE OF ELIGIBILITY FOR EXEMPTION FROM PAYMENT OF ELECTICITY DUTY" પત્ર નંબર C/EX/RAJKOT/53-02-2013/14468 DATE 06.08.2013 માં સુધારો પત્ર નંબર C/EX/RAJKOT/53-02-2013/18035 date 17.10.2014 થી જે સુધારો કરવામાં આવેલ તેમાં ટીમ પીરીયડ નો છે "The benefit from the payment for electricity duty granted from date 19.02.2013 to 31.08.2016 be now read as from date 08-07-2012 to 31.08.2016" આમ ઉપર નાં ટેબલ માં જણાવ્યા પ્રમાણે માર્ચ-૨૦૧૩ થી તો અમલવારી કરી ઇલેકટ્રીક ડ્યુટી ની રકમ મજરે આપેલ છે પરંતુ આ સુધારા પરથી તારીખ ૦૮.૦૭.૨૦૧૨ થી ૨૦.૦૨.૨૦૧૩ સુધી ડ્યુટી માફી ની રકમ નીચે ટેબલ માં જણાવ્યા પ્રમાણે મજરે આપેલ છે**

| માસ | ઇલેકટ્રીક ડ્યુટી ની રકમ | ઇલેકટ્રીક ડ્યુટી ની જમા આપવાપાત્ર રકમ | ઇલેકટ્રીક ડ્યુટી ની જમા આપેલ રકમ | |
|---|---|---|---|---|
| જુલાઈ-૧૨ અહીં યુનીટ ની ગણતરી ૦૮.૦૭.૨૦૧૨ થી કરેલ છે. | ૨૭૯૩૫૩.૨૩ | ૨૭૯૩૫૩.૨૩ | ૨૭૯૩૫૩.૨૩ | |
| ઓગસ્ટ-૧૨ | ૫૭૭૧૮૫.૯૨ | ૫૭૭૧૮૫.૯૨ | ૫૭૭૧૮૫.૯૨ | |
| સપ્ટેમ્બર-૧૨ | ૬૯૩૫૪૭.૬૪ | ૬૯૩૫૪૭.૬૪ | ૬૯૩૫૪૭.૬૪ | |
| ઓક્ટોબર-૧૨ | ૬૭૨૫૯૭.૫૯ | ૬૭૨૫૯૭.૫૯ | ૬૭૨૫૯૭.૫૯ | |
| નવેમ્બર-૧૨ | ૫૭૦૮૯૦.૯૨ | ૫૭૦૮૯૦.૯૨ | ૫૭૦૮૯૦.૯૨ | |
| ડીસેમ્બર-૧૨ | ૬૪૭૫૩૪.૭૩ | ૬૪૭૫૩૪.૭૩ | ૬૪૭૫૩૪.૭૩ | |
| જાન્યુઆરી -૧૩ | ૬૫૦૭૭૨.૯૫ | ૬૫૦૭૭૨.૯૫ | ૬૫૦૭૭૨.૯૫ | |
| ફેબ્રુઆરી-૧૩. | ૬૮૯૪૬૦.૫૪ | ૬૮૯૪૬૦.૫૪ | ૬૮૯૪૬૦.૫૪ | |

ત્યારબાદ ઈલેક્ટ્રીક ડ્યુટી, કલેકટર સાહેબ શ્રી, ગાંધીનગર તરફથી અગાઉ આપેલ **"CERTIFICATE OF ELIGIBILITY FOR EXEMPTION FROM PAYMENT OF ELECTICITY DUTY"** પત્ર નંબર **C/EX/RAJKOT/53-02-2013/14468 DATE 06.08.2013** માં સુધારો પત્ર નંબર **C/EX/RAJKOT/53-02-2013/18035 date 17.10.2014** થી જે સુધારો કરવામાં આવેલ તેમાં મોટીવ પાવર સિવાય નાં અન્ય વપરાશ માટે મીટર લાગેલ નાં હોવાથી કઈ રીતે ગણતરી કરવી તે બાબતે અત્રેની કચેરી ને પત્ર **B/EX/RAJKOT/53-02-2013/1451 date 22.01.2015** થી અગાઉ જે ઇલેકટ્રીક ડ્યુટી માફી મંજુર કરવામાં આવેલ તેને નીચે મુજબ મોડીફાય કરવામાં આવેલ.

"Thus the eligibility certificate issued by this office referred to the above would therefore stands modified as under:

**(1).** Exemption from payment of electricity duty on consumption of industrial purposes for the period from date 1.09.2011 to 7.7.2012 with @10% of the total units to be assesses for non industrial consumption and levied electricity duty @15% of the consumption charges.

**(2).** Exemption from payment of electricity duty for motive power consumption from date 1.09.2011 onwards should be considered on the basis of actual consumption recorded through each meter separately till the period of date 31.08.2016.

આમ ઉપરોક્ત પત્ર પરથી જે જે ડ્યુટી ની માફી આપવામાં આવી તે મુજબ સૌ પ્રથમ તો તારીખ ૦૧.૦૯.૨૦૧૧ થી તારીખ ૭.૦૭.૨૦૧૨ સુધી ને જે ડ્યુટી ને ગણતરી કરવામાં આવેલ છે તે નીચે ટેબલ માં જણાવેલ છે.

| ક્રમ | માસ | ઇલેક્ટ્રીક ડ્યુટી ની ભરપાઈ કરેલ રકમ | B/EX/RAJKOT/53-02-2013/1451 date 22.01.2015 થી અગાઉ જે ઇલેક્ટ્રીક ડ્યુટી માફી મંજુર કરવામાં આવેલ તેની ગણતરી | | | ઇલેક્ટ્રીક ડ્યુટી ની મજરે પરત કરેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | ૯૦% મોટીવ પાવર વપરાશ | ૧૦% અન્ય વપરાશ કે જેના પર ૧૫% ડ્યુટી લેવા પાત્ર છે | કુલ લેવા પત્ર થતી ડ્યુટી ની રકમ | |
| ૦૧ | સપ્ટેમ્બર૧૧ | ૧૪૭૪૧૬.૦૬ | ૧૩૨૬૭૪.૪૫ | ૧૪૭૪૧.૬૧ | ૧૪૭૪૧.૬૧ | ૧૩૨૬૭૪.૪૫ |
| ૦૨ | ઓક્ટોબર૧૧ | ૪૭૯૩૦૨.૦૨ | ૪૩૧૩૭૧.૮૨ | ૪૭૩૨૦.૨૦ | ૪૭૩૨૦.૨૦ | ૪૩૧૩૭૧.૮૨ |
| ૦૩ | નવેમ્બર૧૧ | ૪૬૯૯૭૮.૨૫ | ૪૨૨૯૮૦.૪૨ | ૪૬૯૯૭.૮૩ | ૪૬૯૯૭.૮૩ | ૪૨૨૯૨૦.૪૨ |
| ૦૪ | ડિસેમ્બર૧૧ | ૪૫૬૫૬૧.૮૫ | ૪૧૦૯૦૫.૬૬ | ૪૫૬૫૬.૧૯ | ૪૫૬૫૬.૧૯ | ૪૧૦૯૦૫.૬૬ |
| ૦૫ | જાન્યુઆરી૧૨ | ૪૭૯૫૦૬.૨૦ | ૪૩૧૫૫૫.૫૮ | ૪૭૯૫૦.૬૨ | ૪૭૯૫૦.૬૨ | ૪૩૧૫૫૫.૫૮ |
| ૦૬ | ફેબ્રુઆરી૧૨ | ૬૫૯૬૩૩.૩૫ | ૫૯૩૬૭૦.૦૨ | ૬૫૯૬૩.૩૩ | ૬૫૯૬૩.૩૩ | ૫૯૩૬૭૦.૦૨ |
| ૦૭ | માર્ચ ૧૨ | ૬૩૩૬૨૯.૭૨ | ૫૭૦૨૬૬.૭૯ | ૬૩૩૬૨.૯૮ | ૬૩૩૬૨.૯૮ | ૫૭૦૨૬૬.૨૯ |
| ૦૮ | એપ્રિલ ૧૨ | ૭૨૦૨૨૬.૪૨ | ૬૪૮૨૦૩.૭૮ | ૭૨૦૨૨.૬૪ | ૭૨૦૨૨.૬૪ | ૬૪૮૨૦૩.૭૮ |
| ૦૯ | મેં ૧૨ | ૪૧૬૧૨૪.૧૫ | ૩૭૪૫૧૧.૭૪ | ૪૧૬૧૨.૪૧ | ૪૧૬૧૨.૪૧ | ૩૭૪૫૧૧.૭૪ |
| ૧૦ | જુન ૧૨ | ૬૩૮૧૧૫.૯૦ | ૫૭૪૩૦૪.૩૧ | ૬૩૮૧૧.૫૯ | ૬૩૮૧૧.૫૯ | ૫૭૪૩૦૪.૩૧ |
| ૧૧ | ૭.૦૭.૧૨ સુધી | ૩૮૬૭૯૬.૭૭ | ૩૪૮૧૧૭.૦૯ | ૩૮૬૭૯.૬૮ | ૩૮૬૭૯.૬૮ | ૩૪૮૧૧૭.૦૯ |
| ૧૨ | કુલ | ૫૪૮૭૨૯૦.૭૪ | ૪૯૩૮૫૬૧.૬૬ | ૫૪૮૭૨૯.૦૮ | ૫૪૮૭૨૯.૦૮ | ૪૯૩૮૫૬૧.૬૬ |

3.૨ અરજદાર ની અરજી ના મુદ્દા નંબર ૨. મુજબ અરજદાર ની ઓગસ્ટ ૨૦૧૬ સુધી વીજકર માફી મળેલ છે. પીજીવીસીએલ દ્વારા ભરેલ વીજકર ત્રણ તબ્બકે જમા આપેલ છે. આ સંદર્ભે જણાવવાનું કે, ઈલેક્ટ્રીક ડ્યુટી, કલેકટર સાહેબ શ્રી, ગાંધીનગર તરફથી આપના આ વીજજોડાણ પર જે કર માફી આપવાની થતી હતી તે માટે **"CERTIFICATE OF ELIGIBILITY FOR EXEMPTION FROM PAYMENT OF ELECTICITY DUTY"** પ્રમાણપત્ર આપેલ તેમાં સુધારાઓ તેમના તરફથી કરવામાં આવેલ આમ અત્રેની કચેરી તરફથી જે વીજકર ની રકમ મજરે આપવાની થતી હતી તે ત્રણ તબક્કે આપવામાં આવેલ છે. માસ વાર ઈલેક્ટ્રીક ડ્યુટી બાબત નું પત્રક રજુ કરેલ છે. તેમજ સદર વિગતો અરજદાર ને અપાયેલ છે.

3.3 અરજદાર ની અરજી નાં મુદ્દા નંબર ૩ મુજબ પાવર ફેક્ટર પેનલ્ટી/રીબેટ ની રકમ હવેથી કુલ એનર્જી ચાર્જ પર આપવામાં આવે છે, એનર્જી બિલ ની નકલ રજુ કરેલ છે. આમ ઉપર મુજબ ની સદર ગણતરી કરવામાં આવેલ છે તે બરાબર છે.

| | |
|---|---|
| ૩.૪ | ફોરમ કમિટી મીટીંગ તા.૦૫–૦૭–૧૯ ના રોજ અરજદારની રજુઆત અન્વયે – **જણાવવાનુંકે**, માહે એપ્રીલ – ૧૬ ના બીલ માં ટેરીફમાં વધારો ઘટાડો થતા અરજદાર ના સદર વીજબીલમાં **બિલ ની ગણતરી પરિપત્ર નંબર** PGVCL/REG.CELL/T-3450 DATE 25.04.2016 નીચે મુજબ કરાયેલ છે. |

| Revised bill calculation for the month of Apr-16 as per new Tariff effective from 1-4-2016 | | | |
|---|---|---|---|
| **Particular** | **Billed** | **To be billed** | **Diff** |
| **Unit** | 721335 | 721335 | 0 |
| **Meter Rent** | 750.00 | 750.00 | 0.00 |
| **Demand charge** | 382455.00 | 422005.00 | -39550.00 |
| **Energy charge** | 3282074.25 | 3159905.34 | 122168.91 |
| **Night Rebate** | -1330.25 | -47529.99 | 46199.74 |
| **Fuel cahrge** | 973802.25 | 1005217.11 | -31414.86 |
| **PF Rebate** | -65614.88 | -62247.51 | -3367.37 |
| **TOU charge** | 205848.75 | 205848.75 | 0 |
| **E.Duty** | 1655.69 | 1623.1 | 32.59 |
| **Total** | **4779640.81** | **4685571.80** | **94069.01** |

**આમ ઉપર મુજબ ની ગણતરી જે અત્રેની કચેરી તરફથી કરવામાં આવેલ છે તે બરાબર છે ને કોઈ વધારા ની રકમ મજરે પરત કરવા થતી નથી.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર **નિલકંઠ પલ્પ & પેપર બોર્ડ , મું. પો. : અમરેલી , તા.:પડધરી** જણાવે છે કે, તેઓના એચ.ટી. વીજજોડાણનં. ૨૬૪૪૭, ૧૮૦૦ કેવીએ નુ તા.૦૨–૦૮–૧૧ થી ધરાવે છે.

૪.૨ અરજદાર ની મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે –વીજકર માફી આપવા અન્વયે – પીજીવીસીએલ દ્વારા વિજ શુલ્ક સમાહર્તા કચેરી ગાંધીનગર ના નીચે મુજબ ના પત્રો રજુ કરેલ છે.

(૧) વીજકર માફી પત્ર નં.– બી/ ઈએક્સ/ રાજકોટ / ૫૩–૦૨–૨૦૧૩ / ૧૪૪૬૯ તા.૦૬–૦૮–૧૩
Exemption from payment of E.D.for industrial purpose from 19.02.2013 to 31.08.16 (Except energy consumed for Resi. offie, commercial, sports clsub, library, canteen, or such other purposes)

(૨) વીજકર માફી સુધારા પત્ર નં.– બી/ ઈએક્સ/ રાજકોટ / ૫૩–૦૨–૨૦૧૩ / ૧૮૦૩૫ તા.૧૭–૧૦–૧૪
Exemption from payment of E.D.for industrial purpose read as from 08.07.2013 to 31.08.16-other conditions remain unchanged.

(૩) વીજકર માફી સુધારા પત્ર નં.– બી/ ઈએક્સ/ રાજકોટ / ૫૩–૦૨–૨૦૧૩ / ૧૪૫૧ તા.૨૨–૦૧–૧૫
**As per applicant representation they had installed separate lightining meters on dt.08.07.2012** i.e. within 90 days of intimation for lettefrom collector of ED, Gandhingar. So, exemption from payment of E.D.for industrial purpose from 01.09.2011 to 07.07.12 @10% of the total consumption to be assessed for non-industrial consumption and to levy electricity duty @ 15% of the consumption charges of this assessed units.

અરજદાર ના સદર વીજજોડાણમાં વીજકર માફી માહે ઓગષ્ટ–૨૦૧૬ સુધી મળેલ હતી, તે મુજબ – ભરેલ વીજકર ૦૩ તબ્બકે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે જમા આપેલ છે. આમ, પીજીવીસીએલ દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ છે.

૪.૩ અરજદાર દ્વારા જીયુવીએનએલ ના પત્ર નંબરઃ જીયુવીએનએલ/કોમ/ટેરીફ/૨૦૧૮–૧૯/૬૧૧, તા.૨૯–૦૫–૧૮ રજુ કરેલ છે. જે અનુસંધાને અરજદારે પાવર ફેકટરની ગણતરી નાઈટ રીબેટ બાદ કર્યા વગર ના એનર્જી ચાર્જ પર પી.એફ. પેન્લટી / રીબેટ આપવુ, જે અન્વયે રીબેટ હવે પછી ના બીલમાં જમા આપવાની રજુઆત કરેલ છે. – જે અન્વયે પીજીવીસીએલ દ્વારા સદર જીયુવીએનએલ ના પત્ર મુજબ, પાવર ફેકટર એડજેસ્ટમેન્ટ / રીબેટ માહે એપ્રીલ – ૧૯ ના વીજબીલથી અપાયેલ છે. સદર પરીપત્રના અનુસંધાને – વીજબીલ મા પાવર ફેકટર રીબેટ આપવા અંગે ની અસરકર્તા તારીખ પીજીવીસીએલ દ્વારા નકકી થઈ શકે. સદર પરીપત્રના અનુસંધાને– અસરકર્તા તારીખ નકકી કરવાની જવાબદારી ફોરમ ના સતાક્ષેત્રમા સમાવિષ્ટ નથી.

૪.૪ ઉપરોકત મુદદા નં. ૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯